ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G


## પાંચ ગામ લેઉવા પાટીદાર બેસણું



દિલગીરી સાથે જણાવવાનું કે, અમારા પિતાશ્રી/ભાઈશ્રી **હર્ષદકુમાર ભાઈલાલભાઈ અમીન** તા. ૧/૨/૨૦૧૪ને શનિવારના રોજ દેવલોક પામેલ છે. **સ્વર્ગસ્થનું બેસણું ગાંધીનગર મુકામે તા. ૭/૨/૨૦૧૪ને શુક્રવારના રોજ સાંજે ૪ થી ૬** દરમિયાન રાખેલ છે.

**સ્થળ : પ્લોટ નં. ૩૦૮, ચર્ચની સામે, સેક્ટર-૨૩, ગાંધીનગર**

લિ.

| | |
|---|---|
| તેજસ રમેશચંદ્ર અમીન (ભત્રીજા) | કશ્યપ હર્ષદભાઈ અમીન (પુત્ર) |
| નિલેશ રમેશચંદ્ર અમીન (ભત્રીજા) | વિરલભાઈ ભાઈલાલભાઈ અમીન (ભાઈ) |
| વિશ્વેસ રમેશચંદ્ર અમીન (ભત્રીજા) | ભૂમિકાબેન અમીતકુમાર દવે (પુત્રી) |

ફર્મ

| | |
|---|---|
| હર્ષદકુમાર ભાઈલાલભાઈ એન્ડ કું. | પ્રભા હોન્ડા (પાટણ) |
| ૐ પાની પ્લાનર્સ એન્ડ પ્રોજેક્ટ્સ | પ્રભા પેવર બ્લોક ઈન્ડસ્ટ્રીઝ (પાટણ) |





# જિલ્લાના પ્રાથમિક શાળાના શિક્ષકો હવે મોબાઈલ સાથે વર્ગખંડમાં જઈ શકશે નહિ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર જિલ્લાની પ્રાથમિક શાળાઓના શિક્ષકોને વર્ગરૂમમાં મોબાઈલ ફોનનો ઉપયોગ કરવા સામે આજે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી બહાદુરસિંહ સોલંકીએ પ્રતિબંધ લાદ્યો છે.

શ્રી સોલંકીએ આજે એક પત્ર દ્વારા શાળાના તમામ આચાર્યોને આ પ્રતિબંધના આદેશો જારી કર્યા છે.

તેમણે શાળાના આચાર્યોને જણાવ્યું છે કે પ્રા. શાળાઓના મોનીટરીંગ દરમિયાન આ હકીકત ધ્યાન પર આવી છે. હવે જો કોઈ શિક્ષક મોબાઈલ સાથે પકડાશે તો ઘટિત પગલાં લેવામાં આવશે.

તેમણે આદેશ કરતાં જણાવ્યું છે કે આચાર્ય/શિક્ષકોએ વર્ગખંડ શિક્ષણ કાર્ય દરમિયાન મોબાઈલનો બિલકુલ ઉપયોગ કરવો નહિ. વર્ગખંડમાં શિક્ષણ કાર્ય માટે જતાં પહેલાં પ્રાર્થના સંમેલન બાદ શાળાના આચાર્યશ્રીને મોબાઈલ ફોન જમા કરાવાનો રહેશે. જો કે રિસેશના સમય દરમિયાન મોબાઈલનો ઉપયોગ શિક્ષકો કરી શકશે.

ગુજરાત સરકારે અગાઉ શાળામાં મોબાઈલના ઉપયોગ અંગે પ્રતિબંધ લાદ્યો હતો પરંતુ કોઈ અસરકારક પગલાં તંત્ર દ્વારા લેવાયા નથી. હવે ચાલુ શિક્ષણકાર્ય દરમિયાન પણ શિક્ષકો દ્વારા ખુલ્લે આમ મોબાઈલનો ઉપયોગ થતો હોવાનું તંત્રના અધિકારીઓના ધ્યાને આવતાં તંત્ર ચોંકી ઉઠયું છે.

હરકતમાં આવેલા તંત્રએ આજે આ અંગે પ્રતિબંધના આદેશો જારી કર્યા છે. શિક્ષણની ગુણવત્તાને લઈ પણ અનેકવિધ રજુઆતો અધિકારીઓને મળી હોવાનું જાણવા મળેલ છે.



ગરમીની શરૂઆત થઈ ગઈ છે. બપોરે તડકો લાગે છે, પરંતુ વહેલી સવારે હજુ ધુમ્મસભર્યું વાતાવરણ અનુભવાય છે. *(તસવીર : કશ્યપ નિમાવત)*

# આજે સ્ટેમ્પ ડયુટી ભવનનો લોકાર્પણ

## માર્ગ મકાન મંત્રીના હસ્તે બપોરે ૨ વાગે લોકાર્પણ વિધિ

ગાંધીનગર, તા.૫

સે-૧૪ સ્થિત દિનદયાળ મોજણી ભવન કેમ્પસમાં સ્ટેમ્પ ડયુટી અને રજીસ્ટ્રેશન ભવનનું બાંધકામ પૂર્ણ થતા નવ નિર્મિત બિલ્ડીંગનું આજે બપોરે ૨ વાગે માર્ગ મકાન મંત્રીના હસ્તે લોકાર્પણ કરવામાં આવશે. ભવનના નિર્માણ પાછળ મહેસુલ વિભાગ દ્વારા રૂ. ૧૬ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.

સ્ટેમ્પ અને નોંધણી ભવન તથા સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામકની કચેરી માટે સે-૧૪ના દિન દયાળ મોજણી ભવનના કેમ્પસમાં રૂ. ૧૬ કરોડના ખર્ચે નવું

● અનુસંધાન પાન-૭ પર

## ખૂણે... ...ખાંચરેથી

- બેંક ઓફ ઈન્ડિયાની (ઈન્ફોસીટી) બ્રાન્ચ ખાતે પાસબુક એન્ટ્રી મશીનમાં તકનીક ખરાબીને કારણે ડીસપ્લે બંધ છે, છતાં પાસબુક એન્ટ્રી થાય છે.
- ગરમી વધતા રસ્તાઓ પર જીણી જીણી 'મસી'ને કારણે દ્વિચક્રી વાહનચાલકો પરેશાન થઈ રહ્યા છે.
- ગાંધીનગર જિલ્લાના નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી આઈ.આર. મનસુરીની બદલી તળાજા પ્રાંત અધિકારી તરીકે થતાં તેમને આજે કલેક્ટર ઓફિસમાંથી ભાવભીની વિદાય આપવામાં આવી છે.
- એડીશનલ કલેક્ટરોને સિલેક્શન ગ્રેડ આપવા માટે આજે ખાતાકીય પસંદગી સમિતિની બેઠક સચિવાલય ખાતે મળી હતી.
- પક્ષાંતર ધારા ભંગનો સામનો કરી રહેલા મેયરના કેસની સુનાવણી ૧૧મીએ હાથ ધરાશે.

# સચિવાલયમાં ડી.વાય.એસ.ઓ.નું ચાલુ ફરજે હાર્ટ એટેકથી મૃત્યુ

## બ્લોક નં. ૮ પંચાયત વિભાગમાં ફરજ બજાવતા હતા

ગાંધીનગર, તા. ૫

અમદાવાદના સીટીએમ ચાર રસ્તા પાસે રહેતા અને ગાંધીનગર નવા સચિવાલય ખાતે બ્લોક નં. ૮માં પંચાયત વિભાગમાં ડેપ્યુટી સેકશન ઓફીસર તરીકે ફરજ બજાવતા યોગેશભાઈ કાંતિલાલ રાણાનું આજે બપોરે ચારેક વાગ્યાના અરસામાં ચાલુ ફરજે હાર્ટ એટેક આવતા મૃત્યુ નિપજ્યું હતું. આ દુઃખદ સમાચાર વાયુવેગે સચિવાલયમાં ફરી વળ્યા હતા. નવા સચિવાલયની કચેરીઓમાં શોકનો માહોલ સર્જાઈ ગયો હતો. સે. ૭ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

# આજે નવ નિર્મિત સ્વર્ણિમ સંકુલ-૨નું ઉદઘાટન

ગાંધીનગર, તા.૫

નવ નિર્મિત સ્વર્ણિમ સંકુલ-૨નું આવતીકાલે મુખ્યમંત્રીના હસ્તે ઉદઘાટન કરીને ખુલ્લુ મુકવામાં આવશે.

રાજય મંત્રીમંડળના સભ્યોને બેસવા માટે રાજય સરકાર દ્વારા સચિવાલય સંકુલમાં સ્વર્ણિમ સંકુલ-૧ અને સ્વર્ણિમ સંકુલ-૨નું નિર્માણ કરવામાં આવ્યું છે. એક વર્ષ અગાઉ સ્વર્ણિમ સંકુલ-૧નું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આ સંકુલમાં રાજયના મુખ્યમંત્રી અને કેબીનેટ મંત્રીઓના કાર્યાલયો આવેલા છે.

જયારે રાજયકક્ષાના મંત્રીઓ માટે સ્વર્ણિમ સંકુલ-૨નું નિર્માણ કરવામાં આવ્યું છે. આ સંકુલ સંપૂર્ણ તૈયાર થઈ જતાં આ સંકુલનું આવતીકાલે ઉદઘાટન કરવામાં આવનાર છે. આ ઉદઘાટન બાદ સચિવાલયના બ્લોક નં. ૨માં બેસતાં રાજયકક્ષાના તમામ મંત્રીઓ તેમના કાર્યાલયો આ નવા સ્વર્ણિમ સંકુલ-૨માં શીફટ કરશે.

સ્વર્ણિમ સંકુલ-૨નું આવતીકાલે ઉદઘાટન કરવામાં આવ્યા બાદ આગામી સોમવારથી આ સંકુલમાં રાજયકક્ષાના તમામ મંત્રીઓના કાર્યાલય કાર્યરત થઈ જશે. આ સંકુલના બીજા માળે રાજયકક્ષાના મંત્રીઓને ચેમ્બરો ફાળવવામાં આવી છે.

રાજયકક્ષાના મંત્રીઓના કાર્યાલયો નવા સંકુલમાં શિફટ કરવામાં આવનાર હોઈ સચિવાલયના બ્લોક નં. ૨ પરના ત્રીજો-ચોથો અને પાંચમો માળ સંપૂર્ણ ખાલી થનારો હોઈ આ જગ્યાઓ અન્ય વિભાગોને કચેરી માટે ફાળવવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

# ગુજરાતના ખાંડ ઉત્પાદકોને ઈન્કમટેક્ષની નોટીસો ને મુદ્દે આંદોલનના મૂડમાં ઉત્પાદક સંઘ

ગાંધીનગર, તા.૫

ગુજરાતના ખાંડ ઉત્પાદકો સામે ઈન્કમટેક્ષ તંત્ર દ્વારા ખોટી રીતે નોટીસો પાઠવવામાં આવતા શેરડી ઉત્પાદકો અને ખાંડ ઉત્પાદક મંડળીના સંચાલકોમાં રોષની લાગણી ઉભી થવા પામી છે. ગુજરાત સરકારને આ મુદ્દે દરમિયાનગીરી કેન્દ્ર સમક્ષ અસરકારક રજુઆત કરી પ્રશ્નને ઉકેલવા માટે આજે રાજય ખાંડ ઉત્પાદક સંઘે માંગણી કરી છે.

સંઘના પ્રમુખશ્રી માનસિંહ પટેલ અને સુરેશભાઈએ આજે ગાંધીનગરમાં પત્રકારો સાથે વાતચીત કરતાં જણાવ્યું હતું કે અમે આ મુદ્દે કેન્દ્ર સરકાર સમક્ષ રજુઆત કરી છે પણ હજુ કોઈ નકકર પ્રતિસાદ સાંપડયો નથી. તેમણે એવો આડકતરો એકરાર કર્યો હતો કે ગુજરાતમાં શેરડીનું ઉત્પાદન ઘટી રહ્યું છે અને આ નોટીસને પગલે ખાંડ ઉત્પાદકો સંસ્થાઓનું ભાવિ પણ ડામાડોળ બન્યું છે.

તેમણે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારના ઈન્કમટેક્ષ વિભાગ તરફથી ગુજરાતની સહકારી ખાંડ મંડળીઓને એફ.આર.પી. (ટેકાના ભાવ) કરતાં વધુ ભાવ ખેડૂતોને ચૂકવવા સંદર્ભે પાછલા વર્ષોથી નોટિસો આપવામાં આવી છે. જો ખાંડ ઉદ્યોગને આ નોટિસોનો અમલ કરવાની ફરજ પાડવામાં આવે તો ગુજરાતની ખાંડ મંડળીઓને રૂ. ૬૧૭૪.૪૧ કરોડ જેટલી મોટી રકમ કરપાત્ર બને છે, તેના ૧/૩ એટલે કે રૂ. ૨૦૫૮.૧૪ કરોડ જેટલો ઈન્કમટેક્ષ ઉપરાંત, વ્યાજ અને દંડની રકમ ભરવાની

● અનુસંધાન પાન-૭ પર




**PUBLIC NOTICE**

Govt. of India Regd. No. 38383 / 82 *માલિક - પ્રકાશક - મુદ્રક :* પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. *તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧* E-mail : gandhinagarsamachar@yahoo.com